   vi. Members may note that: (a) the remote e-voting module shall be disabled by NSDL after the aforesaid date and time for voting and once the vote on a resolution is cast by the member, the member shall not be allowed to change it subsequently; (b)the facility for e-voting shall be made available at the AGM through e-voting and no ballot shall be provided as the meeting will be held through VC/ OAVM; (c) the members who have cast their vote by remote e-voting prior to the AGM may also attend the AGM but shall not be entitled to cast their vote again; and (d) a person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date shall only be entitled to avail the facility of remote e-voting as well as voting at the AGM as instruction mention in Notice of AGM.
   vii. In case of any queries or issued regarding e-voting, you may refer the Frequently Asked Questions (FAQs) and e-voting manual available at www.evoting.nsdl.comunder help section or write an email to evoting@nsdl.co.in.

**For Ashapura Logistics Limited**
Sd/-
Priyanka Gyanchand Jain
Company Secretary & Compliance Officer

Date: 02-09-2024
Place: Ahmedabad

# પશ્ચિમ રેલવેએ ગાંધીનગર ૨૦૨૪માં આઈપીડબ્લ્યુઇ ના બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કર્યું







અમદાવાદ, ઈન્સ્ટિટ્યુશન ઓફ પરમેનન્ટ વે એન્જિનિયર્સ (આઈપીડબ્લ્યુઇ) ૨૦૨૪ ના આંતરરાષ્ટ્રીય સેમિનારનો બીજો અને અંતિમ દિવસ ગુજરાત ના ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર સ્થિત કન્વેન્શન સેન્ટરમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ દિવસે, કાર્યક્રમના મુખ્ય અતિથિ, રેલવે બોર્ડ ના સભ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર શ્રી અનિલ કુમાર ખંડેલવાલે તકનીકી સત્રોમાં ભાગ લીધો હતો જેમાં રેલવે એન્જિનિયરિંગના સૌથી સુસંગત વિષયો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.ચર્ચાના વિષયો ઝડપી બાંધકામ પદ્ધતિઓના અમલીકરણથી લઈને સેક્શનલ ગતિને ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી વધારવા માટે વક્રને ફરીથી ગોઠવવા સુધીના હતા. શ્રી ખંડેલવાલે રેલવે ના યુવા અધિકારીઓ સાથે વાર્તાલાપ કર્યો અને તેમને પોતાનામાં દ્રઢ વિશ્વાસ રાખવા અને વ્યાપક ટેકનિકલ અને વ્યવસ્થાપક કૌશલ્યની જરૂર હોય તેવા તમામ પડકારોનો ઉકેલ લાવવા માટે તૈયાર રહેવાની પ્રેરણા આપી. તેમણે તમામ અધિકારીઓ સાથે ઓપન સેશન પણ યોજ્યું હતું, જેમાં વિવિધ નીતિ વિષયક બાબતોની ચર્ચા કરવામાં આવી હતી અને અનેક સંબંધિત મુદ્દાઓ માટે ભાવિ માર્ગ નક્કા પર ચર્ચા કરવામાં આવી હતી.

સેમિનારમાં આઈપીડબ્લ્યુઇ ના અધ્યક્ષ તથા રેલવે બોર્ડ ના અતિરિક્ત સભ્યો (સિવિલ એન્જિનિયરિંગ) શ્રી બ્રિજેશ ગુપ્તા, આઈઆરઆઈસીઈએન પુણે ના મહાનિર્દેશક શ્રી એસ.કે. ઝા, રેલવે બોર્ડ ના ઉપપ્રમુખ અને મુખ્ય કાર્યકારી નિયામક (બ્રિજ) શ્રી રવિન્દ્ર ગોયલ, ઉત્તર રેલવે ના મહાસચિવ અને પ્રમુખ મુખ્ય એન્જિનિયર શ્રી બી.પી. સિંહ, અમદાવાદ મંડળ ના મંડળ રેલ પ્રબંધક શ્રી સુધીર કુમાર શર્મા તથા દેશભરના વિવિધ રેલવે ના વરિષ્ઠ રેલવે એન્જિનિયરો સહીત આ સંસ્થાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ સેમિનાર આઈપીડબ્લ્યુઇ ની ૩૭મી આવૃત્તિ હતી જેનું પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીનગર, ગુજરાત ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર સિવિલ એન્જિનિયરિંગ ક્ષેત્રે વિવિધ પરિપ્રેક્ષ્યથી વિચારોના આદાન-પ્રદાન અને જ્ઞાન તેમજ અનુભવોના આદાનપ્રદાન માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ છે. બ્રિજ એન્જિનિયરિંગ અને રેલ ટ્રેક એન્જિનિયરિંગ સહિતના પ્રોજેક્ટ પ્લાનિંગમાં વિચારોને નક્કર આકાર આપવામાં આ ઈવેન્ટ મહત્વની ભૂમિકા ભજવે છે. આ સેમિનારમાં રેલ્વે એન્જીનીયરોને પોતપોતાના ક્ષેત્રોમાં આવતી તમામ સંભવિત સમસ્યાઓ અને પડકારોની વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

# ઈન્ડિયન ઓઈલના ચેરમેન તરીકે વી. સતીશ કુમાર, નિયામકે વધારાનો ચાર્જ સંભાળ્યો



અમદાવાદ, શ્રી વી સતીશ કુમારે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (ઈન્ડિયન ઓઈલ) ના ચેરમેન તરીકે વધારાનો ચાર્જ સંભાળ્યો છે. તેઓ નિયામક (માર્કેટિંગ) તરીકેની તેમની ભૂમિકા ચાલુ રાખતા એકસાથે ચેરમેન તરીકે સેવા આપશે, જે પદ તેઓ ઓક્ટોબર ૨૦૨૧ થી સંભાળી રહ્યા છે. તેમણે ઓક્ટોબર ૨૦૨૨ થી એક વર્ષના સમયગાળા માટે ડિરેક્ટર (ફાઇનાન્સ)નો વધારાનો હવાલો પણ સંભાળ્યો હતો, જે યુક્રેન-રશિયા સંઘર્ષને કારણે ભૌગોલિક રાજકીય તણાવ દ્વારા વર્ગીકૃત થયેલ છે. ૩૫ વર્ષની કારકિર્દી સાથે, શ્રી વી સતીશ કુમારે દેશભરના વિવિધ પ્રદેશોમાં સેવા આપી છે અને મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા છે, પેટ્રોલિયમ ઉત્પાદનોના માર્કેટિંગમાં તેનું નેતૃત્વ જાળવવાના ઈન્ડિયન ઓઈલના પ્રયાસોનું નેતૃત્વ કર્યું છે.તેમણે ઈન્ડિયન ઓઈલ અને પેટ્રોનાસ (મલેશિયા) વચ્ચેના સંયુક્ત સાહસ, ઈન્ડિયન ઓઈલ પેટ્રોનાસ પ્રાઈવેટ લિમિટેડના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે અને ઈન્ડિયન ઓઈલ મોરિશિયસ લિમિટેડ ઈન્ડિયન ઓઈલની પેટાકંપનીના નોન-એક્ઝિક્યુટિવ ચેરમેન તરીકે સેવાઓ આપીને, બહુરાષ્ટ્રીય ઓઈલ કંપનીઓ સાથે સંકળાયેલા હોવાનો બહોળો અનુભવ પણ મેળવ્યો છે. (૨૨-૧)

# પશ્ચિમ રેલવે દ્વારા ચાર જોડી સ્પેશિયલ ટ્રેનની ટ્રિપ્સ લંબાવવામાં આવી છે

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધા અને મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે, વિશેષ ભાડા પર ચાર જોડી વિશેષ ટ્રેનોની ટ્રિપ્સ લંબાવવામાં આવી છે. આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૧૯૨૦/૦૧૯૧૯ અમદાવાદ-આગ્રા કેન્ટ (ત્રિ-સાપ્તાહિક) સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૬૪ ટ્રિપ્સ- ટ્રેન નંબર ૦૧૯૨૦ અમદાવાદ-આગ્રા કેન્ટ ત્રિ-સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૪ સપ્ટેમ્બરથી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૦૧૯૧૯ આગ્રા કેન્ટ-અમદાવાદ ત્રિ-સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૩ સપ્ટેમ્બરથી ૧૪ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૧૯૦૫ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૨ ટ્રિપ્સ- ટ્રેન નંબર ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૦૩ સપ્ટેમ્બરથી ૧૨ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે. એ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૨ સપ્ટેમ્બરથી ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૪૧૬૬/૦૪૧૬૫ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૨ ટ્રિપ્સ- ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૦૫ સપ્ટેમ્બરથી ૧૪ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૫ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૪ સપ્ટેમ્બરથી ૧૩ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૪૧૬૮/૦૪૧૬૭ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૨૨ ટ્રિપ્સ- ટ્રેન નંબર ૦૪૧૬૮ અમદાવાદ-આગ્રા કેન્ટ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલ ૦૨ સપ્ટેમ્બરથી ૧૧ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.એ જ રીતે ટ્રેન નંબર ૦૪૧૬૭ આગ્રા કેન્ટ-અમદાવાદ સાપ્તાહિક સુપરફાસ્ટ સ્પેશિયલને ૦૧ સપ્ટેમ્બરથી ૧૦ નવેમ્બર, ૨૦૨૪ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૧૯૨૦, ૦૧૯૦૬, ૦૪૧૬૬ અને ૦૪૧૬૮ ની વિસ્તૃત ટ્રિપ્સ માટે બુકિંગ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર શરૂ છે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ગુજરાતના સ્કૂલના વિદ્યાર્થીઓને નેશનલ ખેલાડીઓ જેવા કપડા અપાશે

અમદાવાદ, વર્ષ ૨૦૩૬માં ભારતમાં ઓલમ્પિક ગેમનું આયોજન હાથ ધરવામાં આવી રહ્યું છે ત્યારે આ ઓલમ્પિકને લઈને સુરતમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે ઓલમ્પિક ગેમમાં સુરતના યુવા ખેલાડીઓ પણ ભાગ લઈ મેડલ જીતે તેવી આશા સૌ કોઈમાં જોવા મળી રહી છે. ત્યારે સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા એક અનેરો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે જેને લઈને યુવા ખેલાડીઓને અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પણ મળી રહેશે. શિક્ષણ સમિતિ દ્વારા ૧.૮૫ લાખ વિદ્યાર્થીઓને નેશનલ ખેલાડીઓ પહેરે તે રીતે સ્પોર્ટ કપડા અને બુટ આપશે. આ માટે રૂપિયા ૨૧ કરોડનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યું છે. હાલમાં પેરિસમાં ઓલમ્પિક ગેમ નું આયોજન હાથ ધરાઈ રહ્યું છે અને વર્ષ ૨૦૩૬ માં ભારત ઓલમ્પિક ગેમનું પ્રતિનિધિત્વ કરશે.

ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ પણ ઉત્સાહ ભેર રીતે ઓલમ્પિક જેમાં પોતાનું પ્રતિનિધિત્વ કરે તે માટે અત્યારથી સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા પ્રયાસ શરૂ કરી દેવામાં આવ્યા છે સ્માર્ટ બોર્ડ અને સ્માર્ટ શિક્ષણની સાથે હવે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા તમામ વિદ્યાર્થીઓને સ્પોર્ટ કપડાં અને બુટ પણ આપશે. આ સ્પોર્ટ કપડાં અને બુટ કોઈ સામાન્ય નહીં પરંતુ નેશનલ ખેલાડીઓ જે કપડાં અને બુટ પહેરે છે તે આપવામાં આવશે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સુરત શહેરમાં ૩૬૫ જેટલી સ્કૂલો આવી છે આ સ્કૂલોમાં ૧.૮૫ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે સાથે ખેલકૂદમાં પણ આગળ વધે તેવો પ્રયાસ અત્યારથી શરૂ કરી દેવામાં આવ્યો છે. સુરત શહેર માં અલગ અલગ વિસ્તારોમાં આવેલા ગ્રાઉન્ડને પણ તૈયાર કરી દેવા માટે સૂચના આપી દેવામાં આવી છે. વિદ્યાર્થીઓને ખેલકૂદ પ્રત્યે લગાવ ઉભો થાય અને તમામ પ્રકારની જરૂરિયાત મળી રહે તે માટેના તમામ પ્રકારના પ્રયાસો અત્યાથી શરૂ કરી દેવામાં આવ્યા છે આ ઓલમ્પિક ગેમમાં સુરત વધુમાં વધુ મેડલ જીતે તેવી આશાઓ પણ સેવામાં આવી રહી છે. આ માટે સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા જે પૈકી સ્પોટ કપડા માટે રૂપિયા ૧૩ કરોડનો અને શૂઝ માટે રૂપિયા ૮ કરોડનું એમ મળી ૨૧ કરોડનો ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું છે. શિક્ષણ સમિતિ દ્વારા ૧.૮૫ લાખ વિદ્યાર્થીઓને નેશનલ ખેલાડીઓ પહેરે તે રીતે સ્પોર્ટ કપડા અને બુટ આપશે. આ માટે રૂપિયા ૨૧ કરોડનું ટેન્ડર પણ મંજૂર કરવામાં આવ્યું છે.

# નો એન્ટ્રી સમયે અમદાવાદમાં પ્રવેશતા ભારે વાહનોની ઓફિસ પણ હવે સીલ થશે

અમદાવાદ, શહેરમાં નો એન્ટ્રી સમયમાં પ્રવેશતા ભારે વાહનો બાબતે કોર્પોરેશનને પત્ર લખી આગામી દિવસમાં જે ટ્રાવેલ્સના ભારે વાહનો નો એન્ટ્રી સમયમાં શહેરમાં પ્રવેશે તેની ઓફિસ સીલ કરવા અંગે કોર્પોરેશનને અમદાવાદ શહેર પોલીસ દ્વારા જાણ કરવામાં આવી છે.

જો કે, અમદાવાદ શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ અલગ અલગ પ્રયાસોથી શહેરમાં અકસ્માતોમાં મોતની સંખ્યામાં મોટો ઘટાડો થયો છે ત્યારે હવે શહેર ટ્રાફિક પોલીસ દ્વારા હેલ્મેટ, સીટ બેલ્ટ, રોંગ સાઈડ તેમજ ભયજનક રીતે વાહન ચલાવવા મામલે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેના ભાગરૂપે શહેરમાં ગત વર્ષની સરખામણીએ અકસ્માતોમાં મોત અને ગંભીર ઈજાઓના આકંડામાં ઘટાડો થયો છે.

વર્ષ ૨૦૨૩માં પહેલી જાન્યુઆરીથી ૩૧ જુલાઈ સુધીમાં ૨૯૭ લોકોના અકસ્માતમાં મોત થયા જેની સરખામણીએ ચાલુ વર્ષે આ જ ૭ મહિનામાં ૨૨૬ લોકોના અકસ્માતમાં મોત થયા છે. એટલે કે અકસ્માતમાં મૃત્યુઆંક ૨૩ ટકા ઘટ્યો છે. સાથે અકસ્માતમાં ગંભીર ઈજાઓના ગત વર્ષ ૩૮૫ કેસ સામે આવ્યા હતા જેની સામે આ વર્ષે ૩૯૪ એટલે કે ૨.૩૩ ટકાનો વધારો થયો છે. શહેર પોલીસ દ્વારા આ વર્ષે હેલ્મેટ ન પહેરનારા ચાલકો પાસેથી ૩.૩૯ કરોડથી વધુ રકમનો દંડ વસૂલવામાં આવ્યો છે,

# ઉત્તર પ્રદેશના ગામડાઓમાં વરુઓનો આતંક

લખનૌ, ઉત્તર પ્રદેશના બહરાઈચમાં માનવભક્ષી વરુઓના કારણે ૩૫ ગામડાઓમાં ભયનું વાતાવરણ હતુ. અહીં લોકો પોતાના પરિવારની સુરક્ષા માટે આખી રાત જાગતા રહે છે. વરૂના હુમલામાં અત્યાર સુધીમાં નવ લોકોના મોત અને ૨૨થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ આદમખોર વરૂનું ઝુંડ ગામના લોકો પર સતત હુમલાઓ કરી રહ્યું છે, જેના કારણે ૩૪ ગામના લોકો ભયભીત છે.

આ ઘટનાને લઈને વન વિભાગનું કહેવું છે કે, આ વિસ્તારમાં છ વરુઓનું ટોળું છે, જે લોકોને નુકસાન પહોંચાડી રહ્યું છે. જેમાંથી આજે ૪થુ વરુ પકડાયું છે અને ૨ની શોધખોળ ચાલી રહી છે. બહરાઈચમાં આ માનવભક્ષી વરુઓને પકડવા માટે ૫ ફોરેસ્ટ ડિવિઝન બહરાઈચ, કતર્નિયાઘાટ વાઈલ્ડલાઈફ, શ્રાવસ્તી, ગોંડા અને બારાબંકીની લગભગ ૨૫ ટીમો રોકાયેલા છે.

હવે આ માનવભક્ષીઓએ જિલ્લાના અન્ય વિસ્તારોમાં તેમની પહોંચ વિસ્તારી છે. જ્યારે બહરાઈચના ડીએફઓ આ વરુઓની કુલ સંખ્યા ૬ હોવાનું કહી રહ્યા છે, તો અસરગ્રસ્ત વિસ્તારના ગ્રામજનો તેમની સંખ્યા બે ડઝન હોવાનું કહી રહ્યા છે. પકડાયેલા વરુને શાંત પાડનારા અધિકારીઓએ જણાવ્યું હતું કે તેના ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા છે અને હવે ટેસ્ટિંગ પછી જ ખબર પડશે કે, આ વરુ એ જ ગ્રૃપનું છે કે, જેણે આ ગુના કર્યા છે. જો કે એવું લાગે છે કે આ વરુ એક જ જૂથનું છે. જિલ્લાના ઔરાહી ગામમાંથી વરુઓનો આતંક શરૂ થયો હતો. અહીં વરુઓએ પહેલા ૭-૭ વર્ષના બે બાળકો પર હુમલો કર્યો હતો. દોઢ મહિના પહેલાની આ ઘટના છે જ્યારે, રાત્રે ૧૨ વાગ્યાના સુમારે ફિરોઝ નામનો બાળક તેની માતા સાથે ઘરના આંગળમાં સુતો હતો અને વરુના ટોળાએ તેના પર હુમલો કર્યો હતો. એક વરુ ઘરના વરંડામાં ઘુસી તેની ગરદન પકડીને બાળકને લઇને ભાગી ગયો હતો. આ દરમિયાન તેમની માતા તેમના બંને પગ પકડીને બાળકોને બચાવવાનો પ્રયાસ કરતી રહી. વરુ બાળકને લગભગ ૨૦૦ મીટર સુધી ખેતરમાં ખેંચી ગયો. જ્યારે તેની માતાએ બૂમો પાડી ત્યારે ગામના લોકો એકઠા થઈ ગયા અને પછી વરુ બાળકને ગામ નજીકના ખેતરમાં છોડીને ભાગી ગયો. ત્યારબાદ પરિવાર અને ગામના લોકો લોહીલુહાણ થઈ ગયેલા ફિરોઝને હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ૧૩ દિવસની સારવાર બાદ તેનો જીવ બચી ગયો. તેના ચહેરા, ગરદન, માથા, કાન, પીઠ અને છાતી પર હજુ પણ વરુના ડંખના નિશાન છે અને બાળક વરુના માત્ર ઉલ્લેખથી જ કંપી જાય છે.

# ઈન્ડિયન ઓઈલ અને આરબીએલ બેંકે ગ્રાહકોને વાર્ષિક ૨૫૦ લિટર સુધીનું મફત પેટ્રોલ ઓફર કરતું કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું




અમદાવાદ, ભારતની ઉર્જા અગ્રણી, ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડે મુંબઈમાં ગ્લોબલ ફિનટેક ફેસ્ટ (GFF)માં RBL બેંક સાથે ભાગીદારીમાં કો-બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું છે. આ વ્યૂહાત્મક સહયોગનો હેતુ કાર્ડધારકોને આકર્ષક પુરસ્કારો અને લાભો આપવાનો છે, જેનાથી તેઓ વાર્ષિક ૨૫૦ લિટર સુધી મફત પેટ્રોલ પુરાવી શકે છે. ગ્રાહકો દરેક ટ્રાન્ઝેક્શન પર મૂલ્યવાન રિવોર્ડ પોઈન્ટ કમાઈને એક જ પ્લેટફોર્મ દ્વારા તેમની નાણાકીય અને ઈંધણની ખરીદીનું સંચાલન પણ કરી શકે છે.

આ કો-બ્રાન્ડ કાર્ડની ખાસ વિશેષતાઓ પર પ્રકાશ પાડતા ઈન્ડિયન ઓઈલના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર (રિટેલ ટ્રાન્સફોર્મેશન), શ્રી એન ડી માથુરે જણાવ્યું હતું કે "ઈન્ડિયન ઓઈલમાં, અમે હંમેશા અમારા રિટેલ આઉટલેટ્સ ઉપર અમારા મૂલ્યવાન ગ્રાહકો માટે મુશ્કેલી મુક્ત ઈંધણનો અનુભવ અને ઉન્નત મૂલ્ય પ્રસ્તાવ પ્રદાન કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આ વ્યૂહાત્મક ભાગીદારી એ દિશામાં એક બીજું મહત્ત્વનું પગલું છે અને અમને વિશ્વાસ છે કે RBL બેંક સાથેનો આ સહયોગ અમારા ગ્રાહકોને આપેલી ઉન્નત તકોમાં વધુ એક યશકલગીનો ઉમેરો છે."(૨૨-૧)

# અદાણી એનર્જી સોલ્યુશન્સે 7 GW રિન્યુએબલ એનર્જી ઈવેક્યુએશન ટ્રાન્સમિશન નેટવર્કના એવોર્ડ સાથે પગદંડો વધુ સંગીન કર્યો

અમદાવાદ, ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન કંપની અને વૈશ્વિક સ્તરે વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોના એક અંગ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડ (AESL)એ REC પાવર ડેવલપમેન્ટ એન્ડ કન્સલ્ટન્સી લિ.પાસેથી ઈરાદા પત્ર (LOI) પ્રાપ્ત કર્યા બાદ ખાવડા Vuí-IV ભાગ-છ ટ્રાન્સમિશન પ્રોજેક્ટનું SPV સંપાદન પૂર્ણ કર્યું છે તેમ આજે જણાવ્યું હતું. .ભારતના ઉર્જા સંક્રમણમાં અગ્રેસર તરીકે આ પ્રોજેક્ટનો એવોર્ડ છઈજીનની સ્થિતિને વધુ શક્તિશાળી બનાવવા સાથે ભારતમાં ખાનગી ક્ષેત્રના સૌથી મોટા ટ્રાન્સમિશન ખેલાડી તરીકે તેની સ્થિતિને સંગીન બનાવે છે. ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી ૭ ય્‌ઉ રિન્યુએબલ એનર્જીના ઈવેક્યુએશન માટે RECPDCન દ્વારા આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે સ્થાપવામાં આવેલ સ્પેશિયલ પર્પઝ વેહીકલ ખાવડા IVA પાવર ટ્રાન્સમિશન લિમિટેડ અદાણી એનર્જી સોલ્યુશન્સ લિ.(AESL) દ્વારા હસ્તગત કરવામાં આવી છે. નેશનલ ગ્રીડનો ભાગ ખાવડા IVA ટ્રાન્સમિશન લાઇન ગુજરાતના ખાવડાથી લાકડિયા ખાવડાથી ભુજ 765 kV ડબલ સર્કિટ બન્ને લાઈનને જોડીને 4,500 MVA ની ટ્રાન્સફોર્મેશન ક્ષમતા સ્થાપિત કરી 7 GW રિન્યુએબલ એનર્જી બહાર કાઢવામાં મદદ કરશે. વિશ્વનો સૌથી મોટો ૩૦ ગીગાવોટની આયોજિત ઉત્પાદન ક્ષમતા સાથેનો ખાવડા રિન્યુએબલ એનર્જી પાર્ક, વાતાવરણને સ્વચ્છ બનાવવા માટેની ડીકાર્બોનાઈઝેશનની ભારતની યાત્રામાં વિપુલ યોગદાન આપશે.AESન્ને અપાયેલ આ પ્રોજેક્ટ સ્વચ્છ ઉર્જા બહાર કાઢવા માટે જરૂરી ક્રિટિકલ ટ્રાન્સમિશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતાને વેગ આપે છે. ભારતના નેટ ઝીરો તરફના પ્રયાણમાં ખાવડાને ઉજ્જડ જમીનમાંથી સીમાચિહ્નમાં રૂપાંતરિત કરવાનો અદાણી ગ્રૂપનો કેન્દ્રિત અભિગમ આ હેતુને સિધ્ધ કરવાની પણ ખાતરી કરશે. (૧૯-૧૧)

# કોટક મ્યુચ્યુઅલ ફંડે કોટક નિફ્ટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું

અમદાવાદ, કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડે ("KMAMC" / "કોટક મ્યુચ્યુઅલ ફંડ") આજે કોટક નિફ્ટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે નિફ્ટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સને અનુસરતી/ટ્રેક કરતી ઓપન-એન્ડેડ સ્કીમ છે. આ સ્કીમ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પબ્લિક સબ્સ્ક્રીપ્શન માટે ખૂલશે અને ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બંધ થશે. કોટક નિફ્ટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સમાં નિફ્ટી ૫૦૦ ઈન્ડેક્સમાંથી પસંદ કરાયેલા સ્ટોકનો સમાવેશ થાય છે, જે ટ્રાવેલ અને ટુરિઝમ થીમનું પ્રતિનિધિત્વ કરે છે. ઈન્ડેક્સમાં દરેક સ્ટોકનું વેઈટ તેના ફ્રી-ફ્લોટ માર્કેટ કેપિટલાઈઝેશન પર આધારિત છે. ઈન્ડેક્સમાં ભારતના પ્રવાસન ઉદ્યોગને આગળ ધપાવતા વિવિધ ક્ષેત્રોની કંપનીઓના પોર્ટફોલિયોનો સમાવેશ થાય છે, જેમ કે એરલાઈન્સ, ટ્રાવેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હોટેલ્સ, રેસ્ટોરાં અને મુસાફરી સંબંધિત સેવાઓ. આ ઈન્ડેક્સ રોકાણકારોને વિકસતા પ્રવાસન ક્ષેત્ર માટે એક્સપોઝર આપે છે, જે સ્ટેકેશન્સ, વર્કેશન્સ અને વધતા જતા બિઝનેસ ટ્રાવેલ અને સાહસ જેવા બદલાતા ટ્રાવેલ ટ્રેન્ડનો લાભ મેળવે છે. તે પ્રવાસન ક્ષેત્રે રોકાણ કરવા માટે પ્રમાણમાં પોસાય તેવી અને પારદર્શક રીત પ્રદાન કરે છે, જે લોકો કેવી રીતે મુસાફરી કરે છે અને વિશ્વનો અનુભવ કરે છે તે વર્તમાન પરિવર્તનને દર્શાવે છે. કેએમએએમસીના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહે જણાવ્યું હતું કે, "કોટક મ્યુચ્યુઅલ ફંડમાં, અમારો ઉદ્દેશ ભારતના ગતિશીલ આર્થિક ક્ષેત્રો સાથે સંલગ્ન ઈન્વેસ્ટમેન્ટ સોલ્યુશન્સ પૂરા પાડવાનો છે. કોટક નિફ્ટી ઈન્ડિયા ટુરિઝમ ઈન્ડેક્સ ફંડ રોકાણકારો માટે ઊભરતા પ્રવાસન ક્ષેત્રમાં ભાગ લેવા માટેના દરવાજા ખોલે છે જે ઊભરતા પ્રવાસના વલણો અને વિસ્તરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર દ્વારા સંચાલિત છે. આ ફંડ ભારતના પ્રવાસન ઉદ્યોગના સંભવિત વિકાસથી લાભ મેળવવાની તક પૂરી પાડે છે." ★


## વા સોલાર લિમીટેડ

CIN: L40106GJ2009PLC076764
રજીસ્ટર્ડ ઓફિસ : માધવ હાઉસ, પ્લોટ - ૪, પંચરત્ન ટાવરની પાસે, સુભાનપુરા, વડોદરા-૩૯૦૦૨૩
Phone : +91 - 265 – 2290722 | | Email : info@waasolar.org |
Website : www.waasolar.org

**કંપનીની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા અને ઈ-વોટીંગની માહીતીની સૂચના**

સૂચના આથી આપવામાં આવે છે કે વા સોલાર લિમીટેડ (કંપની) ના સભ્યોની ૧૫મી વાર્ષિક સામાન્ય સભા (કંપની) બુધવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યે (IST) વિડીયો દ્વારા યોજાશે. કોન્ફરન્સિંગ [VC] / અન્ય ઓડીયો વિઝયુઅલ મિન્સ [OAVM] આ કંપની અધિનિયમન, ૨૦૨૩ અને તેના હેઠળ બનાવેલ નિયમોની લાગુ જોગવાઈઓનું પાલન કરે છે. કોર્પોરેટ બાબાતોના મંત્રાલય [MCA] દ્વારા ૨૦/૨૦૨૦, ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૦૨/૨૦૨૧ અને પરિપત્ર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 ના રોજ જારી કરાયેલ સૂચનાઓ અને સામાન્ય પરિપત્રો સાથે વાંચવામાં આવે છે. કંપનીઓને સામાન્ય સ્થળે સભ્યોની ભૌતિક હાજરી વિના VC/ OAVM દ્વારા AGM યોજવાની છુટ છે. આથી એજીએમની સૂચનામાં દર્શાવેલ કારોબારનો વ્યવહાર કરવા માટે કંપનીની એજીએમ VC/ OAVM દ્વારા યોજવામાં આવે છે.

જે સભ્યોનું ઈમેલ એડ્રેસ ઉપલબ્ધ છે તેમને મીટીંગની સૂચના ઈમેલ કરવામાં આવી છે અને અન્ય લોકોને નિયત મોડ દ્વારા મોકલવામાં આવી છે. વાર્ષિક અહેવાલ સાથે નોટીસ કંપનીની વેબસાઈટ : www.waasolar.org and www.bseindia.com. પર પણ મૂકવામાં આવી છે.

**કંપની અધિનિયમન ૨૦૧૩ ની કલમ ૧૦૮ અનુસાર** ની જોગવાઈઓ અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) નિયમો ૨૦૧૪ ના નિયમ ૨૦ સાથે વાંચવામાં આવે છે કે સમયાંતરે સિરયોરીટીઝ એન્ડ એકસચેન્ડ બોર્ડ ઓફ ઈન્ડિયાના રેગ્યુલેશન ૪૪ (લિસ્ટીંગ ઓબ્લિગેશન્સ અને ડિસ્કલોઝર જરૂરીયાતો) ૨૦૧૪ માં સુધારો કરે છે. ઈન્સ્ટિટયુટ ઓફ કંપની સેક્રેટરી ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા કોઈપણ સુધારા(ઓ), ફેરફાર(ઓ) અથવા તેમાં ફેરફાર(ઓ) અને સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ ઓન જનરલ મીટીંગ્સ ("SS-2") સહિત, કંપની તેના સભ્યોને સુવિધા પૂરી પાડવા માટે ખુશ છે. NSDL દ્વારા પૂરી પાડવામાં આવેલ AGM (રિમોટ ઈ-વોટીંગ) ના સ્થળ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટીંગ સિસ્ટમનો ઉપયોગ કરીને નોટીસમાં નિર્ધારીત ઠરાવો પર પોતાનો મત આપવા અને આવા રિમોટ ઈ-વોટીંગ દ્વારા બિઝનેશનો વ્યવહાર થઈ શકે છે.

૧. રિમોટ ઈ-વોટિંગ ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ સવારે ૯:૦૦ વાગ્યે આરંભ થશે.
૨. રિમોટ ઈ-વોટિંગ ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ સાંજે ૫:૦૦ વાગ્યે સમાપ્ત થશે.
૩. ઈ-વોટિંગના ઉમેદવારી માટેની કટ-ઓફ તારીખ ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ છે.
૪. જે વ્યકિતઓએ નોટીસ મોકલ્યા પછી શેર્સ હસ્તગત કર્યા છે તેઓ evoting@nsdl.com પર વિનંતી મોકલીને લોગીન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે.
૫. ઈ-વોટીંગ સમયગાળાના અંત પછી દૂરસ્થ ઈ-વોટીંગને મંજુરી આપવામાં આવશે નહી.
૬. ૧૫મી એજીએમના હેતુ માટે કંપનીના સભ્યોનું રજીસ્ટર અને શેર ટ્રાન્સફર બુકસ ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ (બંને દિવસો સહિત) બંધ રહેશે.

જો કે, જો વ્યકિત પહેલાથી જ રિમોટ ઈ-વોટીંગ માટે NSDL સાથે નોંધાયેલ સાથે નોંધાયેલ હોય તો વોટ આપવા માટે વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકાય છે. વૈકલ્પિક રીતે, જો વ્યકિત અને NSDL ઈ-સેવાઓ માટે પણ નોંધાયેલ છે એટલે કે IDEAS, તે ઈલેકટ્રોનિક રીતે પોતાનો મત આપવા માટે તેના હાલના IDEAS લોગિન અને પાસવર્ડ સાથે https://eservices.nsdl.com/ પર લોગ-ઈન કરી શકે છે. જો વ્યકિત તેનો પાસવર્ડ ભૂલી ગયો હોય, તો તે 'Forgot User Details/Password?' નો ઉપયોગ કરીને તેનો પાસવર્ડ રીસેટ કરી શકે છે અથવા ભૌતિક વપરાશકર્તા પાસવર્ડ રીસેટ http://www.evoting.nsdl.com પર વિકલ્પ ઉપલબ્ધ છે અથવા ટોલ ફ્રી નં. ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ પર NSDL નો સંપર્ક કરો અથવા ઈલેકટ્રોનિક વોટીંગ સૂચના માટે evoting@nsdl.com પર ઈમેલ કરો સભ્યો સાથે મોકલવામાં આવેલી સૂચનાઓ માંથી પસાર થઈ શકે છે. AGM ની સુચના, કોઈ પણ પ્રશ્નોના કિસ્સામાં, સભ્યો શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS) નો સંદર્ભ લઈ શકે છે અને NSDL ની ઈ-વોટીંગ વેબસાઈટ : http://www.evoting.nsdl.com ના ડાઉનલોડ્સ વિભાગ પર ઉપલબ્ધ સભ્યો માટે ઈ-વોટીંગ વપરાશકર્તા માર્ગદર્શિકા જોઈ શકે છે અથવા ટોલ ફ્રી નંબર : ૦૨૨ - ૪૮૮૬ ૭૦૦૦ પર ટોલ કરી શકો છો અથવા evoting@nsdl.com પર ઈમેલ કરી શકો છો.

ઈ-વોટીંગ અથવા વીસીની સુવિધા અંગે કોઈ ફરીયાદના કિસ્સામાં, સભ્યો NSDL ટ્રેડ વર્લ્ડ, એ -વિંગ, ચોથો માળ અને પાંચમો માળ, કમલા મિલ્સ કમ્પાઉન્ડ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩ નો સંપર્ક કરી શકે છે ઈમેલ આઈડી :evoting@nsdl.com and Contact on 022 - 4886 7000.

વા સોલાર લિમીટેડ વતી,
સહી/-,
અમિત ખુરાણા,
ચેરમેન અને એમડી,
[DIN: 00003626]

સ્થળ : વડોદરા
તારીખ : ૦૨.૦૯.૨૦૨૪



ashapura always ahead

## આશાપુરા લોજિસ્ટિક્સ લિમિટેડ

(અગાઉ આશાપુરા ફોરવર્ડર્સ લિમિટેડ તરીકે ઓળખાતું)
CIN: U63090GJ2002PLC040596
રજિસ્ટર્ડ ઓફિસ: B-902, શપથ હેક્સા, હાઈકોર્ટની સામે, એસ.જી. હાઈવે, સોલા, અમદાવાદ - 380060, ફોન નંબર +91 - 79 - 6611150 થી 1159,
ઈમેલ: info@ashapura.in વેબસાઈટ: www.ashapura.in,

**જાહેર સૂચના – વાર્ષિક સામાન્ય સભા**

આથી સૂચના આપવામાં આવે છે કે આશાપુરા લોજિસ્ટિક્સ લિમિટેડ (કંપની) ના સભ્યોની વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બુધવારે 25મી સપ્ટેમ્બર 2024 ના રોજ બપોરે 02:00 વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ (વીસી) અથવા અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા યોજાશે. એજીએમની નોટિસમાં નિર્ધારિત કર્યા મુજબ વ્યવસાયોનો વ્યવહાર કરવો. કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા 5 મે 2020 ના રોજ બહાર પાડવામાં આવેલા સામાન્ય પરિપત્ર અનુસાર 8 એપ્રિલ, 2020, એપ્રિલ 13, 2020, 13 જાન્યુઆરી, 2021, ડિસેમ્બર 14, 2021, 5 મે, 2022, ડિસેમ્બર 28, 2020 ના સામાન્ય પરિપત્રો સાથે વાંચવામાં આવે છે અને સપ્ટેમ્બર 29, 2023 (સામૂહિક રીતે 'MCA પરિપત્ર' તરીકે ઓળખવામાં આવે છે) અને સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા ('SEBI') પરિપત્ર તારીખ 12 મે, 2020, જાન્યુઆરી 15, 2021, 13 મે, 2022 અને જાન્યુઆરી 5, 2023 કંપની તેના વાર્ષિક અહેવાલ 2023-24 સાથે એજીએમની સૂચના ફક્ત તે સભ્યોને જ ઇલેક્ટ્રોનિક મોડ દ્વારા મોકલશે જેમના ઈ-મેલ સરનામા કંપની અથવા રજિસ્ટ્રાર અને ટ્રાન્સફર એજન્ટ અને ડિપોઝિટરીઝમાં નોંધાયેલા છે. વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસની ભૌતિક નકલો મોકલવાની જરૂરિયાત MCA પરિપત્રો અને SEBI પરિપત્રો દ્વારા વિતરિત કરવામાં આવી છે. કંપનીએ VC/OAVM દ્વારા કંપનીની AGM આયોજિત કરવા માટે તેનું વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પૂરું પાડવા માટે નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની નિમણૂક કરી છે.

નાણાકીય વર્ષ 2023-24 માટે કંપનીનો વાર્ષિક અહેવાલ, અન્ય બાબતોની સાથે સાથે, એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.ashapura.in પર અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.nseindia.com પર પણ ઉપલબ્ધ છે. તેની એક નકલ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ('NSDL') ની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ છે.

બુક ક્લોઝર નોટિસ અને ઈ-વોટિંગ

કંપનીના તમામ શેરધારકોને જાણ કરવામાં આવે છે કે કંપનીનું મેમ્બર રજિસ્ટર એજીએમના હેતુ માટે ગુરુવાર 19મી સપ્ટેમ્બર, 2024 થી બુધવાર 25મી ઓગસ્ટ, 2024 (બંને દિવસ સહિત) સુધી બંધ રહેશે. ઈ-વોટિંગ પ્રદાન કરવાની કટઓફ તારીખ 18મી સપ્ટેમ્બર, 2024 છે.

આથી તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે :

1. એજીએમની સૂચનાની ઈલેક્ટ્રોનિક નકલો એવા તમામ સભ્યોને મોકલવામાં આવી છે જેમના ઈમેલ આઈડી કંપની/ ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ(ઓ) સાથે નોંધાયેલા છે. તે કંપનીની વેબસાઈટ www.ashapura.in પર ઉપલબ્ધ છે. એજીએમની નોટિસ મોકલવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.
2. 18મી સપ્ટેમ્બર 2024ની કટ-ઓફ તારીખ મુજબ, ભૌતિક સ્વરૂપમાં અથવા ડીમટીરિયલાઈઝ્ડ સ્વરૂપમાં શેર ધરાવતા સભ્યો, NSDLની ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ દ્વારા એજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાય પર ઈલેક્ટ્રોનિક રીતે તેમનો મત આપી શકે છે. AGM ના સ્થળ સિવાય ("રિમોટ ઇ-વોટિંગ").

તમામ સભ્યોને જાણ કરવામાં આવે છે કે:

i. એજીએમની સૂચનામાં નિર્ધારિત વ્યવસાયો ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન દ્વારા વ્યવહાર કરી શકે છે.
ii. રિમોટ ઈ-વોટિંગ રવિવાર, સપ્ટેમ્બર 22, 2024 ના રોજ 09:00 કલાકે શરૂ થશે.
iii. રિમોટ ઈ-વોટિંગ 24મી સપ્ટેમ્બર, 2024 ના રોજ મંગળવારના રોજ 17:00 કલાકે સમાપ્ત થશે.
iv. ઈલેક્ટ્રોનિક માધ્યમથી અથવા એજીએમમાં મત આપવાની પાત્રતા નક્કી કરવા માટેની કટ-ઓફ તારીખ 18મી સપ્ટેમ્બર, 2024 છે.
v. કોઈપણ વ્યક્તિ, જે કંપનીના શેર મેળવે છે અને એજીએમની નોટિસ મોકલ્યા પછી કંપનીના સભ્ય બને છે અને કટ-ઓફ તારીખ એટલે કે 18મી સપ્ટેમ્બર, 2024ના રોજ શેર ધરાવે છે, તે એક મોકલીને લોગિન આઈડી અને પાસવર્ડ મેળવી શકે છે. evoting@nsdl.co.in પર વિનંતી કરો. જો કે, જો કોઈ વ્યક્તિ પહેલાથી જ ઈ-વોટિંગ માટે NSDL સાથે નોંધાયેલ હોય તો વોટ આપવા માટે વર્તમાન યુઝર આઈડી અને પાસવર્ડનો ઉપયોગ કરી શકાય છે; જે વ્યક્તિ કટ-ઓફ તારીખે સભ્ય નથી તેણે માહિતી માટે એજીએમની નોટિસનો ઉપયોગ કરવો જોઈએ.
vi. સભ્યો નોંધ કરી શકે છે કે: (a) NSDL દ્વારા મતદાન માટેની ઉપરોક્ત તારીખ અને સમય પછી રિમોટ ઈ-વોટિંગ મોડ્યુલને અક્ષમ કરવામાં આવશે અને એક વખત સભ્ય દ્વારા ઠરાવ પર મત આપવામાં આવે, તે પછી સભ્યને તેને બદલવાની મંજૂરી આપવામાં આવશે નહીં. ; (b) ઈ-વોટિંગ માટેની સુવિધા એજીએમમાં ઈ-વોટિંગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવશે અને કોઈ મતપત્ર આપવામાં આવશે નહીં કારણ કે મીટિંગ VC/OAVM દ્વારા યોજવામાં આવશે; (c) જે સભ્યોએ એજીએમ પહેલાં રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપ્યો છે તેઓ પણ એજીએમમાં હાજરી આપી શકે છે પરંતુ તેઓ ફરીથી તેમનો મત આપવા માટે હકદાર રહેશે નહીં; અને (ડી) જે વ્યક્તિનું નામ સભ્યોના રજિસ્ટરમાં અથવા ડિપોઝિટરીઝ દ્વારા કટ-ઓફ તારીખે જાળવવામાં આવેલા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલ હોય તે માત્ર દૂરસ્થ ઈ-વોટિંગ તેમજ મતદાનની સુવિધા મેળવવા માટે હકદાર રહેશે. એજીએમની નોટિસમાં સૂચનાના ઉલ્લેખ છે.

i ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નો અથવા જારી કરવાના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com હેલ્પ સેક્શન પર ઉપલબ્ધ વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકો છો અથવા evoting@nsdl.co.in પર ઈમેલ લખી શકો છો.

આશાપુરા લોજિસ્ટિક્સ લિમિટેડ માટે,
Sd/-,
પ્રિયંકા જ્ઞાનચંદ જૈન,
કંપની સચિવ અને અનુપાલન અધિકારી

તારીખ: 02.09.2024
સ્થળ: અમદાવાદ


Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt